અમદાવાદ એરપોર્ટ પર રેવન્યુ ઈન્ટેલિજન્સ - કસ્ટમ્સનું મોટું ઓપરેશન

અમદાવાદમાંથી 20.30 કરોડનો ગાંજો પકડાયો

યુપીનો યુવક બેંગકોકથી થાઇ એરલાઇન્સની ફ્લાઇટમાં ગાંજો લાવ્યો હતો

અમદાવાદ : અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) અને એરપોર્ટ કસ્ટમ્સ વિભાગે એક સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ડ્રગ્સની દાણચોરીના મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. થાઈ એરલાઈન્સની ફ્લાઈટમાં બેંગકોકથી અમદાવાદ આવેલા એક પ્રવાસીની ટ્રોલી બેગમાંથી 20.366 કિલોગ્રામ હાઈબ્રીડ ગાંજો મળી આવ્યો છે. આ જપ્ત કરાયેલા ડ્રગ્સની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત અંદાજે 20.30 કરોડ થવા જાય છે. એજન્સીઓએ આરોપી પેસેન્જરની NDPSએક્ટ હેઠળ ધરપકડ કરીને આગળની તપાસ શરૂ કરી છે.

પકડાયેલા પ્રવાસીની ની ઓળખ અંગત શ્રીવાસ્તવ તરીકે થઈ છે, જે ઉત્તર પ્રદેશના સહરાનપુરનો રહેવાસી છે. તપાસમાં સામે આવ્યું છે કે આરોપી મુંબઈ-દિલ્હી થઈને બેંગકોક ગયો હતો અને આ તેની જિંદગીની પહેલી જ ફોરેન ટ્રીપ હતી. પ્રથમ પ્રવાસમાં જ તે મોટી માત્રામાં ડ્રગ્સની હેરાફેરી કરતા ઝડપાઈ ગયો છે.

વેક્યૂમ પેકિંગમાં છુપાવ્યો હતો જથ્થો

આરોપી જ્યારે દિલ્હીથી બેંગકોક ગયો ત્યારે જ તેની ટ્રાવેલ હિસ્ટ્રી કસ્ટમ્સ વિભાગની નજરમાં આવી ગઈ હતી. આ દરમિયાન ડીઆરઆઈને પણ ચોક્કસ બાતમી મળી હતી કે એક પેસેન્જર ટ્રોલી બેગ ભરીને મોટી માત્રામાં ગાંજો લઈને આવી રહ્યો છે. બાતમીના આધારે મોડી રાત્રે એરપોર્ટ પર વોચ ગોઠવીને પેસેન્જરને અટકાવવામાં આવ્યો હતો. તેની ટ્રોલી બેગની તપાસ કરતા તેમાંથી 30થી વધુ વેક્યૂમ પેકિંગ કરેલા શંકાસ્પદ પેકેટ્સ મળી આવ્યા હતા. એફએસએલ (FSL) ની મદદથી તપાસ કરાવતા આ જથ્થો ઉચ્ચ ગુણવત્તાવાળો 'હાઇબ્રીડ ગાંજો' હોવાનું સ્પષ્ટ થયું હતું. વિવિધ એજન્સીઓના અધિકારીઓએ ડ્રગ્સના જથ્થા અંગે પેસેન્જર અંગત શ્રીવાસ્તવની કડક પૂછપરછ કરી હતી, પરંતુ તેણે કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. આ ડ્રગ્સ કોને ડિલિવર કરવાનું હતું તે અંગે ડીઆરઆઈના અધિકારીઓ હાલ ઊંડાણપૂર્વક તપાસ ચલાવી રહ્યા છે.

અમદાવાદ એરપોર્ટ પર અન્ય રાજ્યોના કેરિયરો સક્રિય

એરપોર્ટ કસ્ટમ્સના સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી ઉત્તર પ્રદેશ અને કેરળના કેરિયરો (ડ્રગ્સની હેરાફેરી કરનારાઓ) અમદાવાદ એરપોર્ટ પર સક્રિય બન્યા છે. સામાન્ય રીતે આ કેરિયરો પકડાઇ જવાના ડરથી 5 થી 8 કિલોગ્રામ જેટલો જથ્થો લાવતા હોય છે, પરંતુ અંગત શ્રીવાસ્તવ તેની પહેલી જ ટ્રીપમાં આખી ટ્રોલી બેગ ભરીને 20 કિલોથી વધુનો જથ્થો ઘુસાડવાનો પ્રયાસ કરી રહ્યો હતો, જે ડીઆરઆઈ અને કસ્ટમ્સની સતર્કતાના કારણે નિષ્ફળ રહ્યો છે.

119 કરોડની ઠગાઈમાં CBIની સાત ઠેકાણે તપાસ

સ્ટેટ બેંક અને પંજાબ નેશનલ બેંક સાથે થયેલી ઠગાઇમાં અમદાવાદ અને મુંબઈમાં કાર્યવાહી

ગાંધીનગર : સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) દ્વારા જાહેર ક્ષેત્રની બેંકો સાથે થયેલી 119 કરોડથી વધુની છેતરપિંડીના બે અલગ-અલગ કેસોમાં અમદાવાદ અને મુંબઈ ખાતે સાત સ્થળોએ દરોડા પાડી તપાસ હાથ ધરવામાં આવી છે.

આ કાર્યવાહી 21 મે 2026ના રોજ મેસર્સ શ્રી હરિ એક્સ્ટ્રુઝન પ્રાઈવેટ લિમિટેડ અને મેસર્સ જય ફોર્મ્યુલેશન્સ લિમિટેડ સામે નોંધાયેલા કેસોના અનુસંધાને કરવામાં આવી હતી.

સીબીઆઈના સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ, મેસર્સ શ્રી હરિ એક્સ્ટ્રુઝન પ્રાઈવેટ લિમિટેડ કેસમાં મુંબઈ સ્થિત CBI અદાલતના સ્પેશિયલ જજ દ્વારા જારી કરાયેલા સર્ચ વોરંટના આધારે કંપનીના ડિરેક્ટરોના રહેણાંક સ્થળોએ તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન મહત્વપૂર્ણ અને વાંધાજનક દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે. આ કેસમાં કંપનીએ પંજાબ નેશનલ બેંક પાસેથી મેળવેલી કેશ ક્રેડિટ અને ટર્મ લોનની સુવિધાઓમાં રૂ. 61.98 કરોડની છેતરપિંડી આચરવાનો આરોપ છે.

તપાસ એજન્સીના પ્રાથમિક તારણ અનુસાર, લોનની રકમનો ગેરઉપયોગ કરવા માટે આરોપીઓએ વિવિધ છેતરપિંડીપૂર્ણ પદ્ધતિઓ અપનાવી હતી. જેમાં બિનસુરક્ષિત લોન આપવી, સંબંધિત કંપનીઓ સાથે શંકાસ્પદ વ્યવહારો કરવાં, વેચાણની આવક ધિરાણકર્તા બેંક મારફતે ન ચલાવવી તેમજ સંબંધિત પક્ષોને ગેરરીતિપૂર્વક ચુકવણીઓ કરવી જેવી બાબતોનો સમાવેશ થાય છે.

બીજા કેસમાં મેસર્સ જય ફોર્મ્યુલેશન્સ લિમિટેડ સામે અમદાવાદની સ્પે. કોર્ટ દ્વારા જારી કરાયેલા સર્ચ વોરંટના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. કંપની પર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સાથે રૂ. 57.05 કરોડની છેતરપિંડી કરવાનો આરોપ છે.

તપાસ મુજબ, કંપનીએ ખોટા હિસાબી ચોપડાઓ રજૂ કરીને ફંડ આધારિત અને બિન-ફંડ આધારિત ક્રેડિટ સુવિધાઓ મેળવી હતી અને ત્યારબાદ લોનની રકમને અન્યત્ર ડાયવર્ટ કરી હતી.સીબીઆઈના સૂત્રોએ જણાવ્યું હતું કે બંને કેસોમાં જાહેર ક્ષેત્રની બેંકોને કુલ રૂ. 119.03 કરોડનું ગેરકાયદેસર નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. હાલ જપ્ત કરાયેલા દસ્તાવેજોના આધારે વધુ તપાસ ચાલી રહી છે.

ગુજરાતમાં આદિવાસીઓના આરોગ્ય માટે ઐતિહાસિક પહેલ

4000 DNA સેમ્પલથી બનશે ટ્રાયબલ જિનોમ ડેટાબેઝ

બદલાશે આદિવાસી સમુદાયનું ભવિષ્ય વારસાગત બીમારીઓને મૂળમાંથી નાબૂદ કરવા જીનોમ સિક્વેન્સિંગ અત્યંત ઉપયોગી સાબિત થશે

ગાંધીનગરઃ ગુજરાતમાં આદિવાસી સમુદાયોના આરોગ્ય સુધારવા અને વારસાગત રોગોને મૂળમાંથી સમજવા રાજ્ય સરકારે મહત્ત્વાકાંક્ષી "ગુજરાત ટ્રાયબલ જિનોમ સિક્વેન્સિંગ પ્રોજેક્ટ" શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યભરના વિવિધ આદિવાસી સમુદાયોમાંથી અંદાજે 4,000 બાયોલોજિકલ ડીએનએ (DNA) સેમ્પલ એકત્રિત કરવામાં આવશે અને તેમાંમાંથી આશરે 2000 વ્યક્તિના સંપૂર્ણ જિનોમનું સિક્વેન્સિંગ કરવામાં આવશે. આ સાથે ગુજરાત આદિજાતિ સમુદાયો માટે વિશિષ્ટ જિનોમિક ડેટાબેઝ તૈયાર કરનાર દેશનું પ્રથમ રાજ્ય બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

રાજ્યના વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે આદિવાસી સમુદાયોમાં ખાસ કરીને સિકલ સેલ એનિમિયા, થેલેસેમિયા, એનિમિયા, G6PD ડિફિશિયન્સી તેમજ કેટલાક પ્રકારના કેન્સર જેવા જીનેટિક રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે. આવા રોગોની વહેલી ઓળખ અને નિવારણ માટે જીનોમ સિક્વેન્સિંગ અત્યંત ઉપયોગી સાબિત થશે. આ પ્રોજેક્ટ હેઠળ રાજ્યના આશરે 20 જેટલા આદિવાસી સમુદાયોનો સમાવેશ કરવામાં આવશે. પુરુષ અને સ્ત્રી બંનેના સમાન પ્રમાણમાં સેમ્પલ લેવામાં આવશે. એકત્રિત ડેટાના આધારે ભવિષ્યમાં સમુદાયોને રોગો સામે સજાગ બનાવવા, લગ્ન પૂર્વે જીનેટિક માર્ગદર્શન આપવા અને આવનારી પેઢીમાં ગંભીર વારસાગત રોગોનું પ્રમાણ ઘટાડવામાં મદદ મળશે.

ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર (જીબીઆરસી)ના ડાયરેક્ટર ડૉ. સ્નેહલ બગથરીયાએ જણાવ્યું કે જીનોમ સિક્વેન્સિંગ દ્વારા કોઈપણ વ્યક્તિના જીનેટિક ગુણધર્મો અંગે વિસ્તૃત માહિતી મળી શકે છે. જો જીનેટિક ખામી સમયસર શોધાઈ જાય અને તે સારવાર યોગ્ય હોય તો બાળપણથી જ તેનું નિવારણ શક્ય બને છે. પ્રિવેન્ટિવ હેલ્થકેર દ્વારા આવનારી પેઢીને ગંભીર બીમારીઓથી બચાવી શકાય છે.

કોક્રોચ જનતા પાર્ટી ક્રાંતિની મશાલ બનશે કે યુવાનીનો ઉભરો પુરવાર થશે?

ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

ભારતમાં રાજકીય પક્ષો સામાન્ય રીતે વિરોધ પ્રદર્શનોમાંથી જન્મે છે, પરંતુ કોક્રોચ જનતા પાર્ટી (CJP) નો જન્મ સોશ્યલ મીડિયા પર અચાનક થયો છે. હકીકતમાં ૧૫ મેના રોજ એક કેસની સુનાવણી દરમિયાન ભારતની સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તે કહ્યું કે ''કેટલાક યુવાનો એવા છે, જેઓ રોજગાર શોધવામાં અસમર્થ હોવાથી પોતાને કોક્રોચની જેમ બધે ફેલાવી દે છે.''આ ટિપ્પણી સોશ્યલ મીડિયા પર આગની જેમ ફેલાઈ ગઈ હતી અને જેન-જીમાં તેની ઉગ્ર પ્રતિક્રિયા આવવાની પણ શરૂ થઈ ગઈ હતી. ભારતના જે કરોડો યુવાનો બેકારીથી, પેપર ફૂટવાથી અને ભ્રષ્ટાચારથી ત્રાસી ગયા હતા તેમનો રોષ ભારતના ચીફ જસ્ટિસ તરફ વળ્યો હતો. અમેરિકામાં બેઠેલા પુણેના યુવાન અભિજિત દિપકે કટાક્ષમાં ઇન્સ્ટાગ્રામ પર કોક્રોચ જનતા પાર્ટી નામના કાલ્પનિક રાજકીય પક્ષની સ્થાપના કરી નાખી અને તેનો પાંચ મુદ્દાનો ઢંઢેરો જાહેર કર્યો, જેને યુવાનોમાં અકલ્પનીય પ્રતિસાદ મળ્યો હતો. પાંચ દિવસમાં તો ઇન્સ્ટાગ્રામ પર કોક્રોચ જનતા પાર્ટીના ફોલોઅર્સની સંખ્યા બે કરોડનો આંકડો વટાવી ગઈ છે, જે ભાજપના ફોલોઅર્સ કરતાં બમણી સંખ્યા છે. કોક્રોચ જનતા પાર્ટીને સોશ્યલ મીડિયામાં જે પ્રચંડ સમર્થન મળ્યું છે, તેવું સમર્થન જો જમીન પર પણ મળે તો ભાજપ અને કોંગ્રેસ બંનેનાં સૂપડાં સાફ થઈ જાય તેમ છે.

જો કે, સોશિયલ મીડિયામાં પેદા થયેલી કોઈ ઝુંબેશને રાજકીય ઝુંબેશમાં પરિવર્તિત કરવી તે ખૂબ અઘરું અને પડકારજનક કામ છે. ઇન્સ્ટાગ્રામ પર તહેલકો મચાવનાર અભિજિત દિપકે પાસે આવો કોઈ રાજકીય અનુભવ કે કુનેહ હોય તેવું જણાતું નથી. કેટલાક હેવાલો એમ સૂચવે છે કે અભિજિત દિપકે પહેલાં આમ આદમી પાર્ટીની પ્રચાર પાંખ સાથે સંકળાયેલો હતો, પણ તેના વર્તમાન સાહસમાં આમ આદમી પાર્ટી કે અરવિંદ કેજરીવાલની કોઈ ભૂમિકા જણાતી નથી. કોક્રોચ જનતા પાર્ટીને જેન-જી દ્વારા જે સમર્થન મળ્યું છે તે સૂચવે છે કે ભારતના તમામ રાજકીય પક્ષો માટે નવી પેઢીને પ્રચંડ તિરસ્કાર છે અને તેઓ સંગઠિત થાય તો ક્રાંતિ કરી શકે તેમ છે.

અભિજિત હાલમાં અમેરિકાની બોસ્ટન યુનિવર્સિટીમાંથી પબ્લિક રિલેશન્સમાં માસ્ટર્સ કરી રહ્યા છે. તેમના પક્ષ અંગે તેમણે કહ્યું કે કોક્રોચ જનતા પાર્ટી માનનીય ચીફ જસ્ટિસના નિવેદન સામે યુવાનોની અસંમતિનું પ્રતિનિધિત્વ કરે છે, જેમાં તેમણે યુવાનોને વંદો અને પરોપજીવી કહ્યા હતા. સોશ્યલ મીડિયા પર બનેલી કોક્રોચ જનતા પાર્ટીની આંતરરાષ્ટ્રીય મીડિયામાં પણ વ્યાપક ચર્ચા થઈ રહી છે. બ્રિટિશ ન્યૂઝ વેબસાઇટ ધ ગાર્ડિયને ૨૧ મેના રોજ કોક્રોચ જનતા પાર્ટી પર એક વિગતવાર સ્ટોરી પ્રકાશિત કરી છે.



ધ ગાર્ડિયનના હેવાલ મુજબ લાખો યુવા ભારતીયો તેમની હતાશા વ્યક્ત કરવા માટે કોક્રોચ જનતા પાર્ટીને એક માધ્યમ તરીકે અપનાવી રહ્યા છે. કોક્રોચને ચૂંટણી પ્રતીક તરીકે રાખતી એક પેરોડી રાજકીય પાર્ટીએ ભારતીય સોશિયલ મીડિયા પર વિસ્ફોટક લોકપ્રિયતા મેળવી છે, જેના વ્યંગાત્મક રમૂજને વિરોધના માધ્યમમાં ફેરવી દેવામાં આવી છે. ભ્રષ્ટાચાર, બેરોજગારી અને રાજકીય અરાજકતાનો મજાક ઉડાવતા કોક્રોચ જનતા પાર્ટીના નામનાં મીમ્સ અને ટૂંકા વિડીયો સોશિયલ મીડિયા પર છવાઈ ગયા છે. લાખો વપરાશકર્તાઓ હવે કઠોર પરિસ્થિતિઓમાં પણ ટકી રહેવાની ક્ષમતા માટે જાણીતા વંદાને વ્યંગાત્મક રીતે સ્વીકારી રહ્યા છે. સીજેપીના સ્થાપક અભિજીત દીપકે ધ ગાર્ડિયનને જણાવ્યું હતું કે આ કોઈ ઇરાદાપૂર્વકની ઘટના નહોતી. આમાં પેદા થયેલો રસ યુવાનોમાં વધતી જતી હતાશાને પ્રતિબિંબિત કરે છે. તેમની પાસે પોતાના વિચારો વ્યક્ત કરવા માટે કોઈ માધ્યમ નથી.

કતારની લોકપ્રિય ટી.વી. ચેનલ અલ જઝીરાએ અહેવાલ આપ્યો છે કે ઘણી અગ્રણી રાજકીય હસ્તીઓ CJP ઝુંબેશમાં જોડાઈ છે. તેમાં પશ્ચિમ બંગાળના TMC સાંસદો, મહુઆ મોઇત્રા અને કીર્તિ આઝાદનો સમાવેશ થાય છે. આ વર્ષે કેન્દ્ર સરકારની સેવામાંથી નિવૃત્ત થયેલા અમલદાર આશિષ જોશી સોશ્યલ મીડિયા પર કોક્રોચ જનતા પાર્ટી વિશે વાંચ્યા પછી પાર્ટીમાં નોંધણી કરાવનારા સૌ પ્રથમ લોકોમાંના એક હતા. જોશીએ અલ જઝીરાને કહ્યું કે દેશમાં ઘણો ડર છે. લોકો બોલતા ડરે છે. ભારત એટલું બધું નફરતથી ભરેલું છે કે CJP તાજી હવાના શ્વાસ જેવું લાગે છે. યુવાનોની સરખામણી વંદા સાથે કરવાની બીજી બાજુ પણ છે. વંદો ખૂબ જ સ્થિતિસ્થાપક જીવ છે. તે કોઈ પણ પરિસ્થિતિમાં ટકી રહે છે. અલ જઝીરાએ લખ્યું કે તાજેતરનાં વર્ષોમાં દક્ષિણ એશિયા Gen-Z ચળવળોનું મુખ્ય કેન્દ્ર બની ગયું છે. યુવા ચળવળોએ શ્રીલંકા, નેપાળ અને બાંગ્લાદેશમાં સરકારોને ઉથલાવી દીધી છે. વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ ભારત પણ અસંખ્ય સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે. ભારત ઝડપથી વિકસી રહ્યું હોવા છતાં તે દર વર્ષે ૮૦ લાખથી વધુ સ્નાતકોનું ઉત્પાદન કરે છે, પરંતુ તેમનો બેરોજગારીનો દર ૨૯.૧ ટકા છે.

બ્રિટિશ સમાચાર એજન્સી રોઇટર્સે તેના અહેવાલમાં લખ્યું છે કે Gen-Z ની ચિંતાઓને અવાજ આપતું માત્ર પાંચ દિવસ જૂનું એક જૂથ ભારતમાં વાયરલ થયું છે. તેણે પહેલાથી જ શાસક ભારતીય જનતા પાર્ટી કરતાં ઇન્સ્ટાગ્રામ પર વધુ ફોલોઅર્સ મેળવી લીધા છે. સીજેપી રાજકારણ, ફુગાવા અને બેરોજગારી જેવા મુદ્દાઓ પર હળવા વ્યંગ અને રમૂજ સાથે ચર્ચા કરે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ભાજપ, જે પોતાને વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી તરીકે ઓળખાવે છે, તેના ઇન્સ્ટાગ્રામ પર ૯૦ લાખથી ઓછા ફોલોઅર્સ છે, જ્યારે સીજેપીના લગભગ ૨ કરોડ ફોલોઅર્સ છે. CJPનું ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ મીડિયાની સ્વતંત્રતાથી લઈને સંસદ અને મંત્રીમંડળમાં અડધી બેઠકો મહિલાઓ માટે અનામત રાખવા સુધીના મુદ્દાઓ પર ચર્ચા કરતાં ગ્રાફિક્સ અને વીડિયો પોસ્ટ કરે છે. તેણે તાજેતરમાં NEET પ્રવેશ પરીક્ષા રદ કરવાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો, જેનું પ્રશ્નપત્ર લીક થયું હતું, જેનાથી લગભગ ૨૩ લાખ વિદ્યાર્થીઓ પ્રભાવિત થયાં હતાં. ભારતના યુવાનોમાં રહેલી ચિંતા આ અઠવાડિયે પ્રકાશિત થયેલા ડેલોઇટ ગ્લોબલ સર્વેમાં પણ પ્રતિબિંબિત થઈ હતી. સર્વેમાં કહેવામાં આવ્યું છે કે ભારતની જેન ઝેડ વસ્તી રોજગારના અભાવ અને વધતા જતા ફુગાવાથી ખરાબ રીતે પ્રભાવિત થયા છે. સર્વે અનુસાર જેન ઝેડમાં નાણાંકીય તણાવ વધુ છે. મોટી સંખ્યામાં યુવાનો ઘર ખરીદવામાં મુશ્કેલીઓ અને આર્થિક અસુરક્ષા વિશે વાત કરી રહ્યા છે.

UAE ન્યૂઝ વેબસાઇટ ખલીજ ટાઇમ્સે પણ CJP પર એક અહેવાલ પ્રકાશિત કર્યો હતો. ખલીજ ટાઇમ્સે લખ્યું હતું કે જોકે આ ચળવળ એક રાજકીય પક્ષનું નામ ધરાવે છે, પરંતુ હાલમાં એવું લાગે છે કે આ પક્ષ ચૂંટણી લડશે નહીં. શું ભારત આગામી નેપાળ કે બાંગ્લાદેશ બનશે? CJPના સ્થાપક અભિજીત દિપકેએ તેમના એકાઉન્ટ પર એક પિન કરેલી પોસ્ટમાં આ પ્રશ્નનો જવાબ આપ્યો કે હું એ સ્પષ્ટ કરવા માંગુ છું કે આવી સરખામણી કરીને તમારે ભારતના જેન ઝેડનું અવમૂલ્યન ન કરવું જોઈએ. ભારતના યુવાનો પરિવર્તન લાવવા માટે ગેરબંધારણીય માર્ગોનો આશરો લેશે નહીં. આ દેશના યુવાનો પરિપક્વ, જાગૃત અને રાજકીય રીતે સભાન છે. તેઓ તેમના બંધારણીય અધિકારોને સમજે છે અને લોકશાહી રીતે પોતાની અસંમતિ વ્યક્ત કરશે.

કોક્રોચ જનતા પાર્ટી હાલમાં તો એક વિચાર છે, જે સોશિયલ મીડિયા પર તોફાન મચાવી રહ્યો છે, પણ ભારતના રાજકીય પક્ષો તેનાથી ભયભીત છે. ભાજપના મીડિયા સેલ દ્વારા CJPને બદનામ કરવા વ્યાપક ઝુંબેશ ચાલુ કરવામાં આવી છે, જેમાં તેની સરખામણી દેશને તોડવા માગતી તાકાતોનાં પ્યાદાં તરીકે કરવામાં આવી રહી છે. કોક્રોચ જનતા પાર્ટી યુવાનીનો ઉભરો છે કે તે એક નક્કર ક્રાંતિનો પ્રારંભ છે, તે જાણવા માટે આપણે થોડી વધારે રાહ જોવી પડશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

કોક્રોચ જનતા પાર્ટીને જેન-જી દ્વારા જે સમર્થન મળ્યું છે તે સૂચવે છે કે ભારતના તમામ રાજકીય પક્ષો માટે નવી પેઢીને પ્રચંડ તિરસ્કાર છે અને તેઓ સંગઠિત થાય તો ક્રાંતિ કરી શકે તેમ છે

BUSINESS મિત્ર

નિફ્ટીએ 23700ની સપાટી વટાવી, પણ બ્રોડર માર્કેટ લાલ નિશાનમાં

સેન્સેક્સમાં વધારો, રોકાણકારોને રૂ. 1.31 લાખ કરોડની કમાણી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 22: સપ્તાહના અંતિમ દિવસે ભારતીય શેરબજારમાં ગેપ અપ ઓપનીંગ થયું હતું અને શરૂઆતી મજબૂત ખુલ્યા બાદ વધુ ઉછળ્યા હતા, પણ મિડ સેશન બાદ નફાવસુલીનું દબાણ રહેતા નજીવા સુધારા સાથે બંધ રહ્યા હતા. જેમાં નિફ્ટી 23700 પોઇન્ટની સપાટી કુદાવી હતી. રોકાણકારોએ રૂ. 1.31 લાખ કરોડની કમાણી કરી હતી. જ્યારે બેન્ક નિફ્ટીએ 54000 પોઇન્ટની સપાટી વટાવી હતી. જોકે, ક્રુડ ઓઇલના ભાવ ફરીથી 105 ડોલરથી વધીને 110 ડોલર થઇ જવાના કારણે શેરબજારમાં નફાવસુલી વેચવાલી જોવા મળી હતી.

અમેરિકી વિદેશ મંત્રી માર્કો રૂબિયાએ સંકેત આપ્યો છે કે ઈરાનની સ્થિતિ સાથે સંબંધિત રાજદ્વારી વાતચીત રચનાત્મક દિશામાં આગળ વધી રહી છે. તેમની ટિપ્પણીઓએ બજારોને અસ્થાયીરૂપે શાંત કરવામાં મદદ કરી. ભારત સિવાય એશિયાના અન્ય બજારો પણ પોઝિટિવ છે. જેમાં તાઈવાન અને જાપાનના બજારો મજબૂત રહ્યા હતા. જેના લીધે ભારતીય શેરબજારોમાં પણ સુધારાની ચાલ જોવા મળી હતી.

બીએસઇ સેન્સેક્સ 231.99 પોઇન્ટ એટલે કે 0.31 ટકા વધીને 75415.35 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 75810 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 75230 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 64.60 પોઇન્ટ એટલે કે 0.27 ટકા વધીને 23700 પોઇન્ટની સપાટી કુદાવીને 23719.30 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23835 પોઇન્ટ સુધઈ ઉછળી હતી, જ્યારે નીચામાં 23671 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 615.95 પોઇન્ટ એટલે કે 1.15 ટકા વધીને 54000 પોઇન્ટની સપાટી કુદાવીને 54055.35 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે વન 97 કોમ્યુનીકેશનમાં 68.05 ગણા, અદાણી એનર્જી સોલ્યુશન્સમાં 30.96 ગણા, હોનાસા કન્ઝ્યુમરમાં 17.11 ગણા, ફોનીક્સ મીલ્સમાં 12.51 ગણા અને રાષ્ટ્રીય કેમિકલ્સમાં 11.81 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે હોનાસા કન્ઝ્યુમરમાં 83.27 ગણા, સેન્ટ્રલ બેન્કમાં 19.27 ગણા, જેએસડબલ્યુ સિમેન્ટમાં 17.44 ગણા, એફએસએન-ઈકોમર્સમાં 7.7 ગણા અને એલઆઈસીમાં 7.57 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં નજીવો ઘટ્યો હતો. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.11 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.26 ટકા ઘટ્યો હતો. આમ છતાં માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યા હતા. બીએસઇ ખાતે 2225 શેરો વધ્યા હતા અને 1960 શેરો ઘટ્યા હતા અને 203 શેરો યથાવત રહ્યા હતા.

પ્રાઈવેટ બેન્ક શેરો વધ્યા હતા. નિફ્ટી પ્રાઈવેટ બેન્ક ઈન્ડેક્સ 1.49 ટકા વધ્યા હતા. જેમાં એકસીસ બેન્ક, બંધન બેન્ક, આઈસીઆઈસીઆઈ બેન્ક, આરબીએલ બેન્ક, યસ બેન્ક, ફેડરલ બેન્ક, ઈન્ડસઈન્ડ બેન્ક, એચડીએફસી બેન્ક, કોટક મહિન્દ્રા બેન્ક અ આઈડીએફસી ફર્સ્ટ બેન્ક વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુકેના રિટેલ વેચાણમાં માર્ચમાં 0.6 ટકાનો વધારો થયા બાદ એપ્રિલમાં 1.3 ટકાનો ઘટાડો થયો હોવા છતાં યુરોપિયન બજારો પોઝિટિવ ચાલ જોવા મળી હતી. ઈંધણના વેચાણમાં વધુ 10 ટકાનો ઘટાડો થયો છે, મીડલ ઈસ્ટના તણાવને કારણે વધઘટના ભાવને કારણે ગર્હકોએ બળતણની બચત કરી છે. આજે એશિયન બજારો પણ ઉંચું બંધ રહ્યું હતું કારણ કે મીડલ ઈસ્ટમાં શાંતિ કરાર સુધી પહોંચવા માટે યુએસ-ઈરાન રજાદ્વારી પ્રયાસોનું મુલ્યાંકન કરે છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.18 ટકા, કેક 0.37 ટકા અને ડેક્સ 0.38 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 2.39 ટકા, સ્ટ્રેઈટસ 0.44 ટકા, હેંગસેંગ 0.89 ટકા, તાઈવાન 2.13 ટકા, કોસ્પી 0.41 ટકા, જકાર્તા 1.09 ટકા ને શાંઘાઇ 0.87 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયામાં બીજા દિવસે જબરજસ્ત ઉછાળો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 22: ડોલરની મજબૂતાઇને અટકાવવા માટે આરબીઆઇ દ્વારા પગલા ભરવામાં આવી રહ્યા છે. જેમાં આજે પણ ડોલર નીચે સરકી ગયો હતો અને 51 પૈસા ઘટીને 96ની સપાટી તોડીને 95.69ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 96.20ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 11.26, પાઉન્ડ 129.31, કેનેડિયન ડોલર 69.34, ઓસ્ટ્રેલિયન ડોલર 67.93, જાપાનીઝ યેન 0.6014 અને સીંગાપોર ડોલર 74.75ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર	
ડોલર	95.69 રૂ.
યુરો	111.26 રૂ.
પાઉન્ડ	129.31 રૂ.
યેન	0.6014 રૂ.

સેન્સેક્સ	231.99	75415.35
નિફ્ટી	84.60	23719.30
બેન્ક નિફ્ટી	615.95	54055.35

નિફ્ટી — ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટ્રેન્ટ	3.02	4296.50
શ્રીરામ ફાઇ.	2.87	941.00
એક્સીસ બેન્ક	2.56	1285.40
ICICI બેન્ક	1.73	1264.30
વિપ્રો	1.69	203.11

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
મેક્સ હેલ્થકેર	6.22	1023.25
સન ફાર્મા	2.47	1844.60
આઇટીસી	2.06	301.70
ઓએનજીસી	1.98	290.00
પાવરગ્રીડ	1.75	294.30

સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટ્રેન્ટ	3.01	4295.75
એક્સીસ બેન્ક	2.52	1285.25
ICICI બેન્ક	1.77	1264.90
એશિયન પેઇન્ટસ	1.56	2638.95
એચયુએલ	1.06	2202.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
સન ફાર્મા	2.43	1845.20
આઇટીસી	2.03	301.75
પાવરગ્રીડ	1.75	294.35
ભારત ઇલે.	0.99	416.55
ભારતી એરટેલ	0.73	1871.40

L.I.C.ની પાકતી રકમમાંથી T.D.S.

ટેક્સ ટ્વિટર — વિરેશ રૂદલાલ

કલમ - 194DA હેઠળ કર મુકિતને પાત્ર ન હોય એવી રકમમાંથી L.I.C. દ્વારા રદાતાને આવી ચૂકવતી રકમમાંથી 2 ટકા T.D.S. કરવામાં આવે પરંતુ 1 લાખથી ઓછી રકમમાંથી T.D.S. થશે નહિ.

1-9-2019 થી

કલમ- 10(10D) હેઠળ કરમુકિતનો લાભ મળવાપાત્ર ન હોય એવા કેઈસમાં L.I.C.ની પાકતી રકમને સ્થાને માત્ર આવકની રકમમાંથી જ T.D.S. થાય એવી રજૂઆતને લઈને કરાયેલ સુધારા મુજબ માત્ર આવકમાંથી એટલે કે પાકતી રકમમાંથી ભરેલ પ્રિમીયમ બાદ કરતા રહેતી રકમ ઉપર 5 ટકા T.D.S. કરવામાં આવશે એવું સૂચિત થું. પરંતુ 1-10-2024 થી 5 ટકાથી ઘટાડીને 2 ટકા કરવામાં આવ્યા ઈન્કમટેક્ષના નવા કાયદામાં પણ આ જોગવાઈ ચાલુ રાખી છે.

કરમુક્ત પાકતી રકમ

બહુ ઉંચી નેટવર્થ ધરાવનાર વ્યક્તિઓ કે જેઓ માતબર રકમના મૂલ્યની પોલીસીઓમાં રોકાણ કરે છે તેઓ માટે કલમ-10 (10D)ના સુધારા મુજબ 1-4-2023 પછીના રોકાણો જો 5 લાખથી વધુ હોય (પ્રિમીયમ) તો તેઓને પાકતી રકમ ઉપર ટેક્ષ ચૂકવવો પડશે. આવકના અન્ય સ્ત્રોત (Income From Other Source)માં આ રકમ સ્લેબ મુજબ કરપાત્ર ઠરશે. જો કે પોલિસી હોલ્ડરનું અવસાન થાય તો આવી મળવાપાત્ર કરમુકિત જોવાની નથી પરંતુ સંપૂર્ણ રકમ કરમુકત રહેશે.

1-4-23 પહેલાંના રોકાણો

1-4-2003 થી 31-3-2012 સુધીમાં L.I.C.ની પોલિસીની મૂળ રકમ (actual capital sum assured) ના 20 ટકાથી વધુ વાર્ષિક રકમના પ્રિમીયમની ચૂકવણી હોય તો કરમુકિતનો કોઈ લાભ મળશે નહિં.

1-4-2012 થી 31-3-2023ના વર્ષમાં લીધેલી પોલિસીના વાર્ષિક પ્રિમીયમમાં ઉપરોકત 20 ટકાને બદલે 10 ટકાનો સુધારો કરવામાં આવ્યો મતલબ કાયદો વધારે કડક બનાવીને પાકતી તારીખની કરપાત્રતાના સંજોગો વધારી દેવામાં આવ્યા. આનો અર્થ એ કે સીંગલ પ્રિમીયમ પોલિસી લેવામાં 10 ટકાની આ લીમીટ સહેજે વટાવી જવાય એવી શકયતા છે તથા ઓછા સમયગાળાની પોલિસીઓમાં પણ આ સંભાવના છે.

ગંભીર રોગ કે બિમારીથી પિડાતી

1-4-2013 થી કલમ-80U અન્વયે શારીરિક રીતે અપંગ અથવા મંદ બુદ્ધિ વ્યકિતઓ અથવા કલમ-80 DDB અન્વયે નિર્દિષ્ટ ગંભીર રોગ કે બિમારીથી પિડિત વ્યકિતઓ માટે ઉતરાવેલ વીમા પ્રિમીયમના સંદર્ભે પ્રિમીયમની રકમ 10 ટકાના સ્થાને 15 ટકા ધ્યાનમાં લેવાની છે.

કરદાતાઓના લાભાર્થે ચાર્ટ

» 31-3-2003 પહેલાં કોઈ પણ બાધ વગર કરમુકત

» 1-4-2003 થી 20 ટકાથી ઓછા પ્રિમીયમ કરમુકત

» 1-4-2012 થી 10 ટકાથી ઓછા પ્રિમીયમ કરમુકત

» 1-4-023 થી 5 લાખથી ઓછાનું પ્રિમીયમ

T.D.S. કપાત ન થાય ?

1-6-20215 થી L.I.C.ની પાકતી રકમના સંદર્ભે કલમ 194 DA અન્વયે T.D.S. કપાત થાય નહિ એટલા માટે ફોર્મ 15G- 15 H રજૂ કરી શકાશે.

વિશ્વની સૌથી મોટી ઈન્વેસ્ટમેન્ટ ફર્મનું અદાણી જૂથની 3 કંપનીઓમાં મોટું રોકાણ

અદાણી જૂથમાં 2 અબજ ડોલરનું રોકાણ કરનાર કેપિટલ ગ્રુપે છેલ્લા કેટલાક વર્ષોમાં રિલાયન્સ ઇન્ડ.માં હિસ્સો ઘટાડ્યો

અમદાવાદ, તા. 22ઃ વિશ્વની સૌથી જુની અને મોટી કેપિટલ ગ્રુપ કે જે પોતાના ગ્રાહકો વતી 3.3 ટ્રિલિયન ડોલરથી વધુની સંપત્તિનું સંચાલન કરે છે. હવે ભારતના સૌથી મોટા બિઝનેસ જુથમાં પણ આ વિદેશી રોકાણકારોનો રસ વધવા લાગ્યો છે. જે અદાણી જુથની ત્રણ કંપનીઓમાં રોકાણ કરી રહ્યું છે. એટલું જ નહીં, કેપિટલ ગ્રુપ છેલ્લા કેટલાક અઠવાડિયામાં પોતાનું રોકાણ વધારી રહ્યું છે. ભીજી તરફ, તેણે તાજેતરના ભૂતકાળમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.માં પોતાનો હિસ્સો ઘટાડ્યો છે.

લોસ એન્જલસ સ્થિત કેપિટલ ગ્રુપે અદાણી જુથની ત્રણ કંપનીઓમાં 2 અબજ ડોલરથી વધુનું રોકાણ કર્યુ છે. જેમાં અદાણી પોર્ટસમાં 2 ટકા હિસ્સો ખરીદ્યો હતો. આ ઉપરાંત, અદાણી પાવર અને અદાણી ગ્રીન એનર્ઝીમાં પણ દોઢથી બે ટકા હિસ્સો ખરીદ્યા છે.

કેપિટલ ગુડઝના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, કંપની ચોક્કસ શેર કે વ્યક્તિગત કંપનીઓમાં પોતાન હિસ્સેદાર પર ટિપ્પણી કરી શકતી નથી. તે જ સમયે અદાણી જૂથના પ્રતિનિધિતએ ટિપ્પણી માટેની વિનંતીનો જવાબ આપ્યો નહતો. અદાણી પાવરે છેલ્લા એક વર્ષમાં 100 ટકા તેજી દર્શાવી છે, જ્યારે છેલ્લા પાંચ વર્ષમાં તેણે રોકાણકારોને 91 ટકા વળતર આપ્યું છે. અદાણી ગ્રીન એનર્જીના શેરમાં છેલ્લા એખ વર્ષમાં 40 ટકાનો વધારો જોવા મળ્યો છે, જ્યારે છેલ્લા પાંચ વર્ષમાં 6 ટકાનો વધારો જોવા મળ્યો છે. અદાણી પોર્ટસના શેરમાં છેલ્લા એક વર્ષમાં 30 ટકાનો વધારો જોવા મળ્યો છે.

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન રૂા.		૭૫/૩૬ ''	૧૩૨	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૬૪.૫	૫૦/૩૬ ''	૧૪૪	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૩
૩૦/૩૬ એફડી	૨૭૨	૫૦/૪૮ SD/ક્રેપ	૨૩૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૩૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૫	૩૦/૧૪ ક્રિમ્પ	૧૪૨
૬૮/૩૬	૧૪૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૪
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૮	૧૦૦ ટેક્ષ	૧૩૪	૬૮ ક્રિમ્પ	૧૪૧
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૩	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૩૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૪	૮૦/૭૨ રોટો	૧૩૮.૫	૭૫ ક્રિમ્પ	૧૩૮
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૪૯	૮૦ ક્રિમ્પ	૧૩૫
૮૦/૭૨ રોટો.	૧૩૬.૫	૧૬૦ ડીસ્કેટ	૧૪૯	૮૦/૭૨ રોટો	૧૩૮
૮૦/૩૬ રોટો.	૧૩૭.૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૯	૮૦/૧૦૮ ''	૧૩૬	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૩૭

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૦૦	કોપરેલ	૫૩૫૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૮૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૭૫	સનફલાવર	૨૬૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૬૫૦	તલતેલ	૫૧૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૪૦૦	દિવેલ	૨૪૭૦
કપાસીયા (૫ લિ.)	૮૫૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૮૫૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૪૪૦૦
એમ-30	૪૩૫૦
એસ-30	૪૨૫૦
ગુજરાત	
એમ-30	૪૨૫૦
એસ-30	૪૧૫૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૬૩૨૦૦
તેજાબી સોનું	૧૬૩૧૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૫૫૦૪૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૫૯૯૩૦
સોનાનાં બિસ્કીટ	૧૬૩૨૦૦૦
ચાંદી (૯૯૯)	૨૭૪૨૦૦
ચાંદી સિક્કા	૨૭૫૭૦૦